# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૨૯ • સળંગ અંક : ૧૩૩ • તા.૨૬ ડિસેમ્બર ૨૦૨૦ થી ૦૧ જાન્યુઆરી ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન




# કેડીઓ નારીઓનું આત્મનિર્ભરતા તરફ આગેકૂચ


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પરિવારનો પાયો વડીલ

પરિવાર નાનો હોય કે મોટો હોય. પણ, પરિવારના સભ્યો નો તાલમેલ, એકબીજા પર વિશ્વાસ અને એકમેક પર સ્નેહ અગાધ હોવો જરૂરી છે. વિચારો ભલે એકમેકથી ભિન્ન હોય, મતભેદ પણ ભલે હોય પણ મનભેદ ન હોવા જોઈએ. પ્રેમ અને લાગણી, વડીલો પ્રત્યે અખૂટ આદર, તેમનો મરતબો જાળવવો એ પરિવારની એક એક ઈંટને જોડતી સાંકળ છે. જે પરિવારને કદી વિખરેવા નથી દેતી.

બહુધા એવું બનતું હોય છે કે યુવાન સભ્યો પોતાની ભૂલ વડીલોથી છુપાવે છે જેની ભૂલ હોય એને ડર હોય છે કે મોટાઓને ઘરમાં ખબર પડી જશે તો મોટી બબાલ થશે. તેમનો ઠપકો સહન કરવો પડશે. ભૂલ છતી થવાના ડરથી પરિવારના સૌની નારાજગી સહન કરવી પડશે નો ગભરાટ હોય. જ્યાં કંઈ ખોટું થયું હોય તેને લીધે પરિવારની નારાજગી ચોક્કસ હોય પણ એ નારાજગી ટૂંક સમયની હોય છે. આવી નારાજગી સંતાનને પોતાની જવાબદારી સમજાવવાની હોય છે. આ નારાજગીમાં બાળકને દુ:ખ પહોંચાડવાની કે કોઈ ઈજા, જખમ કે તેનું અપમાન કરવાનો ઈરાદો નથી હોતો. એટલે બાળક નાનો હોય કે યુવા વયનો કે એથી મોટો. પરિવારથી સચ્ચાઈ છુપાવવામાં સમજદારી નથી. કારણ કે ઘણીવાર પોતાના સ્વજનોથી છુપાયેલ ભૂલથી વ્યક્તિ ઊંધે રસ્તે ચડી જાય છે. સારા માર્ગેથી અવળો વળી ખરાબ મારગે ભટકી જાય છે. ઘરની બહાર કોઈના સાંનિધ્યની કે પ્રેમને હૂંફની ભૂખને લીધે ગેરમાર્ગે સંગતે ચડી જાય છે. ખોટી આદતોની રવાડે વળી જાય છે. જે આખરે પતનની ખાણ સાબિત થાય છે. આવા સંતાનો સમજી લે કે પોતાના સ્વજન નિ:સ્વાર્થ ભાવે નારાજ થાય છે. તેમની નારાજગી પરપ્રીત બતાવતી વ્યક્તિઓ કરતાં હજાર ગણી પાવન હોય છે. ભૂલોમાંથી યોગ્યને સાચા માર્ગે દોરનારી હોય છે.

વડીલોના દરેક બોલ, દરેક વ્યવહાર સંતાનોના હિતકર માટે હોય છે. જ્યાં સાચો અને નિર્દોષ પ્રેમ હોય ત્યાં હકથી નારાજગી પણ દર્શાવાય છે. એનો એ મતલબ નથી કે દરેક દવા મીઠી શરબત જેવી હોય. પ્રેમનો મતલબ એ નથી કે દરેક વખતે મીઠા મધુર બોલ જ બોલાય. વડીલો સંતાનોના શ્રેય માટે તેને સુધારવા માટે વઢે છે. તો વહાલ પણ કરે છે. વડીલોની જવાબદારી દરેક સભ્યોને એક તાંતણે જોડી રાખવાની હોય છે. કોઈ નરમ સ્વભાવનો હોય, કોઈ ગરમ મિજાજના, કોઈ ગભરુ હોય, ડરપોક તો કોઈ, હિંમતવાન, કોઈ શાંત સ્વભાવનો હોય તો કોઈ ઉગ્ર મિજાજનો. દરેકનું મહત્વ, તેના મનોવલણને સમજી દરેકને જોડી રાખવાની કુનેહ ભરી જવાબદારી બજાવવાની હોય છે. આવી પ્રત્યેક પળોમાં તેમની કસોટી થાય છે. આમાં નાના મોટાનો સાથ, સહયોગ અને સબળ ટેકો મળે તો આખરે પરિવાર મજબૂતને સશક્ત થાય છે.

અગાઉના સંયુક્ત કુટુંબ વિખરાઈ વિભક્ત થઈ ગયા છે, થતાં જાય છે. સંયુક્ત કુટુંબનો ફાયદો એ થતો કે એમાં દરેક સ્વભાવના, દરેક પ્રકૃતિના સભ્યો નભી જતાં. વડીલોની મુત્સદગીરી પરિવારને જોડી રાખવામાં મોટો ભાગ ભજવતી હતી. અગાઉ ભણતર ઓછું પણ ગણતર વધુ હતું જેને લીધે વડીલો દીર્ઘ વિઝન ધરાવતા હતા જેને લીધે પરિવાર અતૂટ, અખંડ અને દરેક રીતે ઉન્નત રહેતા હતા.

- જ્ઞાતિમૈયા

# સુખની શોધ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સુખ એ મનની અવસ્થા છે. જેના મનમાં સંતોષ છે, સમાધાન છે, શાશ્વત શાંતિ છે, એ માણસ સુખી છે. કારણ કે, ઉત્પાતી મનમાં સુખ ટકી જ ન શકે. ધગધગતા વલોપાત જેના હૈયામાં મચે છે. એનામાં ક્યારે કદિ પણ સુખ ઠરી ઠામ રહેતો નથી. સુખી વ્યક્તિ એ છે જે સુખને શોધવા જતો નથી, કે સુખની સાબિતી આપતો ફરતો નથી. પણ સુખી એ છે જે દુઃખને ઢાંકતો નથી. જેને માત્ર દેખાડો જ કરવો છે. સુખી હોવાનો અંચળો ઓઢવો છે એ સુખી કેમ હોઈ શકે? માત્ર બ્રાહ્ય દેખાડો કરવો, આડંબર પાથરવો ને ખુશ રહેવાનો ઢોંગ કરવાથી સુખની અવસ્થા સર્જાતી નથી.

જે અંદરથી અપસેટ છે, એકાકી છે, દુઃખી છે. જેને પોતાની આંતરિક અવસ્થાની વાત સ્વીકારવામાં છોછ નથી. જેની સ્પષ્ટવાત જે હૈયે હોય તે હોઠે હોય એવો જણ સુખી છે. કારણ કે એને કોઈ આડંબર નથી. ખોટો ઢોંગ નથી કે અન્યને સારી અવસ્થા દેખાડવાનો ડોળ કરવો નથી. જ્યારે દુઃખ હોય છે. ત્યારે ખુશ રહી શકાય છે. પણ જ્યારે ખુશી હોઈ ત્યારે સુખી ન પણ હોઈએ એવું શક્ય છે. મનની ભાવના જુદી હોય, શારીરિક વર્તન અલગ પ્રકારનું હોય અને જવાની દિશા અલગ હોય. આવી અવઢવ અવસ્થાને લીધે જંપ ક્યારે મળતો નથી. ક્યારે કશે ઠરીઠામ થવાતું નથી.

ચહેરા પરથી માણસ ઓળખાય પણ માણસાઈની ઓળખ માટે તેના મનમાં ઝાંકવું રહ્યું. તેની અંદરની પીડાને પારખશું તો પરાયું પણ પોતીકું લાગશે અને તેની પીડાને ખોતરીશું તો પોતીકું પરાયું થઈ જશે.

માત્ર હસવાથી અંદરની પીડા બહાર નીકળી જાય છે. દુઃખની અવસ્થામાં રાહત મળે છે અને ખડખડાટ હાસ્યમાં મનનો મૂંઝારો, ગૂંચમાંથી નીકળી સીધો સરળ થઈ જાય છે. કરોળિયાના જાળામાં અટવાયેલો સરળતાથી માર્ગ શોધી બહાર આવી જાય એવું કામ હાસ્ય, ખડખડાટ હાસ્ય ચિંતાના અવરોધને વટાવી હેમખેમ બહાર કાઢે છે.

એક કવિની રચના અત્રે ટાંકવા યોગ્ય લાગે છે.

કેમ તું લાગે ગુમસુમ ને ચૂપ, છોડીને ચિંતા હસને યાર,
જીવન છે તો ચાલ્યા કરશે, બધું ભૂલીને હસને યાર
મુશ્કેલી તો મળતી રહેશે, મુસ્કાનોને મળને યાર,
રડવાના કારણ છે ઝાઝા, કારણ શોધીને હસને યાર.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કેડીઓ નારીઓનું આત્મનિર્ભરતા તરફ આગેકૂચ




ભારતમાં જ્યારે કરોના મહામારી ફેલાઈ ત્યારે સમસ્ત મહાજનની નારીશક્તિ સમિતિએ નલિયા સ્થિત સમસ્ત મહાજનના ચર્તુથ સંમેલનમાં પ્રણ કર્યો હતો કે આપણી મહિલાઓને આર્થિક રીતે સધ્ધર કરવી ખૂબ જરૂરી છે તે માટે સર્વપ્રથમ અમે ફેસ માસ્ક પ્રોજેક્ટને લાવ્યા. જેમાં ઘરે બેસીને માસ્ક બનાવી વહેંચવાની સ્કીમ સમાજ સમક્ષ રજુ કરી જેના ફળસ્વરૂપે આપણી કેડીઓ નારીઓએ લગભગ ૪૦ હજાર જેટલા માસ્ક બનાવી, વેંચીને એક આવક ઉભી કરી. આ પ્રોજેક્ટને મળેલી સફળતાને ધ્યાનમાં રાખી નારીશક્તિ સમિતિએ જે જરૂરતમંદ બહેનો છે તે બહેનોને સિલાઈ મશીન આપવા જોઈએ તે માટે આપણા સમાજના દાતાઓ એ ઉદારદિલે ટેકો આપ્યો. તે બદ્દલ નારીશક્તિ સમિતિ અને સ્વરોજ ટીમ આપ સૌના ખૂબ ખૂબ આભારી છે.

જેમાં અમને બહુ સારો પ્રતિસાદ મળ્યો અત્યાર સુધી અઢાર સિલાઈ મશીન માટે અરજીઓ આવી ચુકી છે અને તેને પહોંચી વળવા લગભગ લાખથી સવા લાખનું ડોનેશન આવી ગયું છે અને વધુથી વધુ જરૂરતમંદ બહેનો આ રીતે અમે મદદ કરી શકીએ માટે આગળ પણ આ સ્કીમ ચાલુ જ રાખી છે.

આપણી જે બહેનોને સિલાઈ મશીનની જરૂરત હોય તેઓ અમારો સંપર્ક સાધી શકે છે. શીતલ ધુલ્લા-૯૦૯૯૦૪૧૪૧૪, મનીષભાઈ-૭૫૦૬૦૭૦૮૫૧



# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

નારી શક્તિ

KDO Swaroj

The taste of tradition

# કેડીઓ નારીનું આત્મનિર્ભરતા તરફ એક પગલું

## 'સ્ત્રી શક્તિને સ્વસામર્થ્ય માટે ઉદાર દિલે ટેકો '



આપણી જ્ઞાતિની સ્ત્રી શક્તિને આત્મનિર્ભર બનાવવી એ સમાજની જવાબદારી છે. સમસ્ત મહાજન કેડીઓ સ્વરોજ કમિટી અને કેડીઓ નારી શક્તિએ જ્ઞાતિની ગૃહિણીઓ સ્વતંત્ર, સ્વનિર્ભર રીતે જીવન વ્યતિત કરે એવા ઉમદા ખ્યાલને હકિકતમાં પરિવર્તન કરવા સ્વમાન યોજનામાં આર્થિક સહાય આપનારને ડોનર કોટી કોટી વંદન.



## પ્રેરણામૂર્તિ - અનુપ્રિતા નીશિથ દંડ (ગામ-તેરા)

## ૨૪માં લગ્નદિવસ નિમિત્તે

## સ્વરોજ નિધિમાં

## Rs.10,000

# મલિકા નીશિથ દંડ

(તેરા)

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન

નારી શક્તિ

KDO Swaroj
The taste of tradition

# કેડીઓ નારીનું આત્મનિર્ભરતા તરફ એક પગલું

## ‘સ્ત્રી શક્તિને સ્વસામર્થ્ય માટે ઉદાર દિલે ટેકો ’



આપણી જ્ઞાતિની સ્ત્રી શક્તિને આત્મનિર્ભર બનાવવી એ સમાજની જવાબદારી છે. સમસ્ત મહાજન કેડીઓ સ્વરોજ કમિટી અને કેડીઓ નારી શક્તિએ જ્ઞાતિની ગૃહિણીઓ સ્વતંત્ર, સ્વનિર્ભર રીતે જીવન વ્યતિત કરે એવા ઉમદા ખ્યાલને હકિકતમાં પરિવર્તન કરવા સ્વમાન યોજનામાં આર્થિક સહાય આપનારને ડોનર કોટી કોટી વંદન.



## સ્વરોજ નિધિમાં

**Rs.10,000**

# માલતી હરિશ ધરમશી

**(જખૌ-નવી મુંબઈ)**

# શ્રી સંભવનાથ જિનાલય વડાલામાં ૩૪મો ધ્વજારોહણ કરાઈ ધર્મ આરાધનાઓ થઈ







મુંબઈ પ્રદેશના વડાલા સંઘના શ્રી સંભવનાથ જિનાલયની ૩૪મી ધ્વજારોહણનો ભવ્ય મહોત્સવ કાર્યક્રમ પ.પૂ.સાધ્વીશ્રી અરહતકિરણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ધર્મપ્રિયાશ્રીજીની પાવન સભર નિશ્રામાં વિધિકાર જીગરભાઈ તથા ભાવના વીરા, કાશ્મીરા વિસરીયાના સથવારે ધર્મ આરાધનો કરાયેલ.




## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

નારી શક્તિ

KDO Swaroj
The taste of tradition

## કેડીઓ નારીનું આત્મનિર્ભરતા તરફ એક પગલું

### ‘સ્ત્રી શક્તિને સ્વસામર્થ્ય માટે ઉદાર દિલે ટેકો ’



આપણી જ્ઞાતિની સ્ત્રી શક્તિને આત્મનિર્ભર બનાવવી એ સમાજની જવાબદારી છે. સમસ્ત મહાજન કેડીઓ સ્વરોજ કમિટી અને કેડીઓ નારી શક્તિએ જ્ઞાતિની ગૃહિણીઓ સ્વતંત્ર, સ્વનિર્ભર રીતે જીવન વ્યતિત કરે એવા ઉમદા ખ્યાલને હકિકતમાં પરિવર્તન કરવા સ્વમાન યોજનામાં આર્થિક સહાય આપનારને ડોનર કોટી કોટી વંદન.

સ્વરોજ નિધિમાં **Rs.7,500** સ્વયંસિદ્ધા જીવીસી લેડીઝ વીંગ

# તિરૂપુર નગરે શ્રી સુવિધિનાથ જિનાલયનો ૩૪મો ધ્વજારોહણ મહોત્સવ ધર્મ આરાધનાઓ સહ ઉજવાયો





દક્ષિણ ભારતના સુરમ્ય નગર તિરૂપુરના શ્રી સુવિધિનાથ દેરાસરનો ૩૪મો ધ્વજારોહણ મહોત્સવ તા. ૨૫મી જાન્યુઆરી શુક્રવાર પવિત્ર મૌની એકાદશીના દિને સવારે ૯ કલાકથી સતર ભેદી પૂજા વિગેરે ધર્મ આરાધનાઓ કરાઈ અને સવારે ૧૧ કલાકે ધ્વજારોહણ સંઘના શ્રાવક શ્રાવિકાઓની મોટી ઉપસ્થિત વચ્ચે કરાયું.

કોચીથી આવેલા પરેશભાઈ ધનજી મોતાએ સંગીત રાગના સૂરતાલ સાથે પૂજા અર્ચના કરાવી હતી. શ્રી લુનકરન ચંપાલાલજી બોથરા પરિવાર ધ્વજારોહણ મહોત્સવના લાભાર્થી હતા.

સંઘના ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપ હંસરાજ નાગડાએ કોવિડ-૧૯ની તમામ સાવચેતીઓનું પાલન કરીને કાર્યક્રમ માટેની તમામ વ્યવસ્થા કરી હતી. તિરૂપુર જૈન સંઘ દ્વારા દરેકને પ્રભાવના અપાઈ હતી.




# ટિટવાલા નગરે અચલગચ્છાધિપતિ આ.ભ.મ.સા.ની ૬૪મી દીક્ષા તિથિએ સીમંધર સ્વામી પૂજા થઈ

તા.૨૪ ડિસેમ્બર શુક્રવાર રોજે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૬૪મી દીક્ષાતિથિ દિને ટિટવાલામાં પ.પૂ.આ.ભ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં શ્રી સીમંધર સ્વામિ પૂજાની ધર્મ આરાધના હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થઈ. જિનશાસન શિરોમણિ ગુરુદેવની વંદના કરી તેમની સ્મૃતિ કરાઈ.



# પ.પૂ.સાધ્વીજી શ્રી હર્ષ નિધિશ્રીજી મ.સા.ના સંયમજીવનના ૨૩ વર્ષ પૂર્ણ





ગામ જખૌના હેતલબેન લલિતભાઈ ધરમશીના પૂર્વજન્મના પુણ્યોદય યોગ બળે ધર્મ આસ્થામય જીવન બનાવવાનો સંકલ્પ કર્યો અને માગસર સુદ પાંચમ તા.૪ ડિસેમ્બર ૧૯૯૭ ગુરૂવાર દિને કચ્છના મહાતીર્થ શ્રી વર્ધમાન બોંતેર જિનાલયે પ.પૂ.સાધ્વીજી શ્રી યશોદયાશ્રીજી મ.સા.ના ગુરૂશરણથી તપચક્રવર્તી પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રીમદ ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દિક્ષા ગ્રહણ કરી અને પ.પૂ.સાધ્વીજી શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.નામે ઓળખ પામ્યા. આજે તેમના સંયમજીવનના ત્રેવીસ વર્ષ પૂર્ણ થયા. પૂજ્યશ્રીની ધર્મયાત્રા અવિરત, અચળ અને ધર્મ આરાધનાના તપોબળથી જવલંત રહે એ પ્રાર્થના.

# સિધ્ધિદાયક, પુણ્યવર્ધક સિધ્ધિચક્ર તથા મહાલક્ષ્મી આરાધનામાં જોડાવવાની અલભ્ય તક

સુખ, સંપત્તિ સિધ્ધિ દાયક, પુણ્યવર્ધક સિધ્ધચક્ર તથા મહાલક્ષ્મી આરાધના કરવાની અલભ્ય તક મળેલ છે. સિધ્ધચક્ર તોડે ભવ ચક્ર. એક સિધ્ધચક્રની આરાધના કરીને સમગ્ર જિનશાસનની આરાધનાનો પુણ્ય કમાવો. અરિહંત સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ દર્શન, જ્ઞાન ચારિત્ર તપ (નવપદ) સહિત જિનશાસનના અનેક શાસન રક્ષક દેવ, દેવીની આરાધના એક સિધ્ધચક્રની આરાધનાથી થઈ જશે.

સિધ્ધચક્રના પ્રભાવથી શ્રીપાળ, મયણાના રોગ, શોક, દરિદ્રતા દૂર થઈને નવભવમાં મોક્ષ પાકો થઈ ગયો. આચાર્ય ભગવંતો સૂરિમંત્ર પંચ પીઠિકાની આરાધના કરે એમાં તૃતીય પીઠિકા (શ્રી દેવી)ની છે.

૧૯,૧૯ વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન ભરી સાક્ષીમાં આરાધના થશે જીવન ધન્ય બની જશે. તો પ્રમાદ, ત્યજીને મહિનામાં માત્ર દોઢ કલાકનો સમય કાઢી આરાધનામાં જોડાઈ જાઓ. આ ધન્ય લાભની તક એળે જવા દેશો નહીં.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI

પરોપરકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



## માતુશ્રી બાયાબાઇ ખીમજી લોડાયા (કાકીમાં)

કચ્છ-સાયરા, હાલ-કોઈમ્બતુર

### હસ્તે, શ્રી પ્રદીપભાઈ રતિલાલ લોડાયા

# સંજીવની સિલ્વર પેટ્રોન

# Rs. 25,000

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની ઉતમ અને જરૂરતમંદ જ્ઞાતિજનોને માટે ઉપયોગી એવી સંજીવની યોજના અનેક જણોના આંસુ લૂછ્યા છે. ઘણા જણને આકસ્મિક આપદા, ઓચિંતી બિમારીઓથી થતી વિપદામાંથી ઉગારયા છે. ઉદારદિલ જ્ઞાતિવર્યો આ યોજનાની ઉપયોગિતા અને જરૂરિયાતને સમજી સારા પ્રસંગોને યાદગાર બનાવવા તેના હામી બને છે, આધારસ્તંભ બને છે.

માતુશ્રી બાયાબાઈ ખીમજી લોડાયા (કાકીમાં) કચ્છ-સાયરા, હાલ-કોઈમ્બતુર હસ્તે શ્રી પ્રદિપભાઈ રતિલાલ લોડાયા જેઓ માનવજીવન અને દાન આપવાના કર્તવ્યને જાણી સંજીવની યોજનામાં રૂા.પચ્ચીસ હજારનું અમૂલ્ય અને ઉદારતા ભર્યું યોગદાન આપી સંજીવની સિલ્વર પેટ્રોન તરીકે નોંધ કરાવી છે.

લોડાયા પરિવારની આ પહેલ પ્રશંનીય સાથે પ્રેરણાત્મક છે. જેની મેડિકલ સમિતિ સરાહના કરી અનુમોદના કરે છે અને જીવન સુખી, સંતોષી, સ્વસ્થમય અને આનંદિત રહે એની શુભેચ્છા અર્પે છે.

# વાશીના જેઠીબાઈ જિનાલયમાં અઢાર અભિષેક સહ ૨૭મી સાલગિરાહની ધ્વજારોહણ વિધિ કરાઈ







શ્રી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ સેક્ટર ૨૮ વાશી નવી મુંબઈના અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. પ્રેરિત જેઠીબાઈ જિનાલયમાં તા.૨૧ ડિસેમ્બર સોમવાર રોજે પ.પૂ.સાધ્વીશ્રી કૈવલ્યદર્શનાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં યુવા વિધિકાર ડૉ. હર્ષ દેઢિયાના સથવારે અઢાર અભિષેક સહ ધ્વજારોહણ કરાઈ. ૨૭મી સાલગિરાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી.



**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ગુણ ગુણોદય સિધ્ધાચલ કન્યા ૯૯ યાત્રાનું ભવ્ય આયોજન

પ.પૂ.સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના શિષ્યા, પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યાઓ આદિઠાણાની પાવન નિશ્રામાં વર્ષ ૨૦૨૧ના એપ્રિલ, મે મહિનામાં ૫૨ થી ૫૫ દિવસ સુધીની ૧૫ થી ૨૦ વર્ષની ઉત્સાહી કન્યાઓ માટે ગિરિરાજ ૯૯ યાત્રાનું આયોજન કરાશે. જેની ચોક્કસ તારીખ પાછળથી જાહેર કરાશે.

એકેકું ડગલું ભરે, શેત્રુંજય સમો જેહ, ઋષભ કહે ભવ કોડના કર્મ ખપાવે તેહ એ ન્યાયે ગિરિરાજ તુજને સ્પર્શવા, નરનારીઓ સહુ આવતાં, ગિરિરાજ તુજને ભેટીને, સિધ્ધાચલ મહાતીર્થ, તું સન્માર્ગ મુજને બતાવજે, ગિરિરાજ વંદી વિનવું મુજ પાપને તું નિવારજે.

આ ૯૯ યાત્રામાં સહભાગી થવા ૧૫ થી ૨૦ વર્ષ સુધીની કન્યાઓ ફોર્મ મેળવીને ફોટો લગાવી સંપૂર્ણ ભરી વિદ્યાપીઠના કાર્યાલયે જાતે આવીને કાં કુરિયર દ્વારા મોકલવું. ભરાયેલ સર્વ ફોર્મમાંથી પસંદગી પામેલ કન્યાઓને ફાઈનલ ફોર્મ ભરવાનું રહેશે. ત્યારે પ્રવેશ ફી રૂા.૧૦૦૦/-નોન રિફંડેબલ ભરવાના રહેશે. પસંદગી પામેલ કન્યાઓને વોટસએપ મેસેજ દ્વારા ફોર્મ ભરવાનું જણાવવામાં આવશે. આયોજક કમિટી દ્વારા નિયમો-સૂચનાઓ વિગેરે ફાઈનલ ફોર્મમાં હશે તેનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

જિનાજ્ઞા મુજબ યાત્રાના છ'રી નિયમોનું પાલન કરવાનું રહેશે. દરરોજ એકાસણું કરવાનું ફરજિયાત રહેશે. છ'રી નિયમો (૧) એકાસણું (૨) સચિતનો ત્યાગ (૩) પદયાત્રા (૪) બ્રહ્મચર્યનું પાલન (૫) પ્રતિક્રમણ (૬) ભૂમિ સંથારો.

વિશેષ માહિતી અને ફોર્મ મેળવવા માટે સંપર્ક રામજી શામજી ધરોડ-રામાણિયા-૯૩૨૩૧૯૧૦૫૦ તથા ૮૮૫૦૨૯૧૯૬૨

# પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૬૪ વર્ષ પૂર્ણ



*દિક્ષાતિથિ માગસર સુદ અગિયારસ વિક્રમ સંવત ૨૦૧૩ માવિત્રનું નામ પૂરબાઈ આણંદજી નાગડા ગામ વારાપધ્ધર. ગુરૂનું નામ પ.પૂ.સાધ્વીશ્રી રતનશ્રીજી મ.સા. દિક્ષા સ્થળ અંજાર-કચ્છ, દિક્ષા દાતા પ.પૂ.કંચનસાગરજી મ.સા. હાલે સ્થિરવાસ લીલગગન સોસાયટી, પાલિતાણા.*

*પાલિતાણા જવાનું થાય ત્યારે જરૂરથી તેમના દર્શન વંદન માટે જશોજી. ધન્ય લાભ પામશો. હાલમાં અચલગચ્છમાં સાધ્વીજીઓના પરિવારમાં તેઓ પ્રવર્તીની મહતરા પ.પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. બાદ સંયમ પર્યાયમાં બીજા ક્રમાંકે છે. ત્યારબાદ ત્રીજા ક્રમાંકે પ.પૂ.સા.શ્રી વિશ્વોદયાશ્રીજી મ.સા. અને ચોથા ક્રમાંકે પ.પૂ. સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા. આવે છે.*


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


ગુરુ કા જન્મોત્સવ આયા
આનંદ આનંદ છાયા
68 માં વર્ષે પ્રવેશ
અચલગચ્છ નાયક
પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી
મ.સા.
આ છે મહાન ગુરુદેવ ની જન્મતિથિ
વિ.સં.૨૦૭૭ માગસર વદ - ૨
ગુરુવાર તા.31-12-2020
આયોજક :- શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોમ્બિવલી

# પ.પૂ.મુનિશ્રી રાજરત્નસાગરજી (રાજા મહારાજા) મ.સા.ના સંયમ જીવનના ૪૫ વર્ષ પૂર્ણ



જન્મ તારીખ ૧૪ એપ્રિલ ૧૯૬૮ ચૈત્રવદ-૨ ગામ રાપરગઢવારી માવિત્રનું નામ મણિબેન મુરજી કેશવજી લોડાયા પીર દીક્ષા દિવસ તા. ૧૫ ડિસેમ્બર ૧૯૭૫ માગસર સુદ બારસ વિક્રમ સવંત ૨૦૩૨ દીક્ષા સ્થળ દેવપર ગઢવાળી ગુરૂવર્યનું નામ પ.પૂ. આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. દીક્ષા દાતા રાષ્ટ્ર સંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. ગુણસાગરસરિશ્વરજી મ.સા. તિથિ અનુસાર ૪૬ મી દીક્ષા તિથિ અવસરે ભાવપૂર્વ વંદના સાથે હૃદયની શુભકામના.

# બેંગલોર સંઘના ગૃહ જિનાલયનો ૭મો ધ્વજારોહણ મહોત્સવ ભક્તિભાવ સાથે થયો







જે.પી. નગર બેંગ્લોર સ્થિત શ્રી વિશ્વેશ્વર વાસુપૂજ્ય સ્વામિગૃહ જિનાલયનો ૭મો ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે ૧૮ અભિષેક સાથે ધર્મ આરાધનાઓ કરાઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર સાથે રહી ધર્મલાભ લીધો હતો.







# સાંગલી અચલગચ્છ સંઘમાં મૌની એકાદશી નિમિત્તે અઢાર મહાઅભિષેક થયા







તા. ૨૫ ડિસેમ્બર શુક્રવાર દિને પરમપવિત્ર મૌની એકાદશી પર્વ તિથિ દિને પ્રવચન પ્રભાવક પ.પૂ.ગુરૂદેવશ્રી દેવરત્નસાગરજી મ.સા.ના પરમ શિષ્ય પ.પૂ.મૂનિરાજ શ્રી ચૈત્યરક્ષિતસાગરજી મ.સા.ની નિશ્રામાં સાંગલી અચલગચ્છ જૈન સંઘના આંગણે શ્રી સુપાર્શ્વનાથ દાદા આદિ સર્વે દેવપ્રતિમાઓના અઢાર મહાઅભિષેક ભક્તિભાવપૂર્ણ રીતે સંપન્ન થયા.











# પ્રવચન પ્રભાવિકા પ.પૂ.સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.નો ૫૦મો દીક્ષા દિવસ સાંતાક્રુઝ (ઈસ્ટ) સંઘમાં ધામધૂમપૂર્વક ઉજવાયો







અચલગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞાવર્તિની શાંતમૂર્તિ પ.પૂ.સા.શ્રી સદ્‌ગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા સિંહગર્જનાના સ્વામી, પ્રવચન પ્રભાવિકા પ.પૂ.સાધ્વીશ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.નો ૫૦મો દીક્ષા દિવસ માગસર સુદ ૭ને તા.૨૧ ડિસેમ્બર સોમવારના દિને શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન સંઘ સાંતાક્રુઝ (ઈસ્ટ)માં ખૂબ ધામધૂમપૂર્વક ઉજવાયો.

પ.પૂ.સા.શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી તારકગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાઓની નિશ્રામાં 'સુવર્ણ સંયમોત્સવ'નો આ વિશેષ કાર્યક્રમ અવસર નવકાર મંત્ર આરાધક નરેન્દ્રભાઈ નંદુ અને કવેવન્ના નંદુ એ પોતાની આગવી શૈલીથી દીપાવ્યો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહપૂર્વક સહભાગ લીધો હતો.





**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક **SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN** ના નામે લખવા

# ગોરેગામ સંઘમાં મૌન એકાદશીની ધર્મ આરાધનાઓ કરાઈ



તા. ૨૫ ડિસેમ્બર શુક્રવારના માગસર માસ શુકલ પક્ષની પાવન તિથિ મૌન એકાદશી નિમિત્તે પ.પૂ.મુનિશ્રી તીર્થરત્નસાગરજી મ.સા. આદિઠાણા ૩ ની તારક નિશ્રામાં ધર્મ આરાધનાઓ ભવ્યતાથી કરવામાં આવી. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર આ આરાધનામાં જોડાઈ ધન્ય લાભ લીધો હતો.






GQ
GROWTH QUEST

Actively Earn & Passively
Invest for 15-20 Years.

Passively Earn & Actively
Rest for Remaining Years.

Dipesh Dagha - 98219 65551

www.growthquest.in

જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા
જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosm.org

અથવા વોટ્સએપ પર મોકલો

9769991922
9820302853
9322257731

# દક્ષિણરત્ન મહાતપસ્વી પ.પૂ.મુનિપ્રવર શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના સંયમ જીવનના ૪૩મા વર્ષમાં મંગલ પ્રવેશ



ગુરુ ગુણના કૃપા પાત્ર કલાસિંધુના નંદન દક્ષિણરત્ન મહાતપસ્વી વાત્સલ્ય વારિધિ પ.પૂ.મુનિ પ્રવર શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. વિક્રમ સંવત ૨૦૩૫ માગસર સુદી સાતમના દિને મુંબઈ-ઘાટકોપર સ્થળે દીક્ષા ગુરુ સાહિત્ય દિવાકર સૌમ્ય સ્વભાવી અચલગચ્છ નાયક પ.પૂ.આ.દેવ શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આશીષથી દીક્ષા દાતા શાસન સમ્રાટ રાષ્ટ્રસંત અચલગચ્છાધિરાજ પ.પૂ.આચાર્ય દેવેશ શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષાજીવન સ્વીકાર્યું.

પૂજ્યશ્રી કચ્છ લાલાના અને સંસારી નામ મુલચંદ હીરજી ખેરાજ દંડ પૂર્વાશ્રમનું હતું. તેમની સહદિક્ષિત હતા પ.પૂ.મુનિરાજ કમલપ્રભસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજ નયનપ્રભસાગરજી મ.સા.

પૂજ્યશ્રીના શિષ્ય પરિવારમાં પ.પૂ.મુનિશ્રી રાજશેખરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી ધર્મશેખરસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી વીરશેખરસાગરજી મ.સા. છે. અત્રે પૂજ્યશ્રીના દીક્ષા સમયના અલભ્ય ફોટો છે જે સૂર્યકાન્ત હીરજી દંડના સૌજન્યથી પ્રાપ્ત થયેલ છે.




# ફુલ ખીલે ગુલશન ગુલશન



લોડાયા પરિવાર
માતા - કાજલ
પિતા - દીપ
ગામ - કોઠારા
હાલ - જલગામ
જન્મ - ૨૮-૧૧-૨૦૨૦



**અનાયા**



લોડાયા પરિવાર
માતા - સુપ્રિયા
પિતા - આકાશ
ગામ - સાંયરા
હાલ - પૂના
જન્મ - ૦૪-૧૨-૨૦૨૦

**હેતવી**



મોમાયા પરિવાર
માતા - રશ્મિ
પિતા - મયુર
ગામ - વરાડીયા
હાલ - હુબલી
જન્મ - ૨૦-૧૨-૨૦૨૦

**ખ્વાઈશ**


UNLOCK YOUR BUSINESS
Under KDO B2B Platform
To boost your business is only KDO B2B's motto
Get your Business Advertisement FREE in our weekly emagazine GYATIMAIYA at 1st come 1st basis
Advertisement for any of your business, gruh udhyog, profesional services, etc.
Home operate business also can be advertised
POST YOUR
FREE ADS
KDO
BUSINESS
For further information please call 90990 41414 (Sheetal Dhulla)



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છમાં થયેલ મેઘ મહેરના કારણે વન્ય સંપદા પૂર બહારમાં ખીલી ઊઠી છે. વન્યજીવન પ્રેમીઓ માટે અનેક જાતના જીવજંતુ, પતંગિયા, કુંદા અને વાણિયાના જીવનનો અભ્યાસ કરવા માટે જાણે પટારો ખૂલી ગયો હોય તેવું હાલે જણાય છે. પ્રકૃતિ પ્રેમીને ભ્રમણ દરમિયાન રાત્રિ રોકાણના કેમ્પ દરમ્યાન સરિસૃપ વર્ગની ગરોળીની એક નવી જાત લેપર્ડ ગેકો જોવા મળી હતી. શરીર પર દીપડા જેવા દેખાવના કારણે તેનું નામ પાડવામાં આવ્યું છે. આ દુર્લભ ગરોળી નિશાચર હોવાથી કચ્છના વન્યપ્રાણીના લિસ્ટમાં બહુ જ ઓછી દેખાઈ છે.

● ૧૯૯૬માં સ્થપાયેલું અદાણી ફાઉન્ડેશન આજે ૧૮ રાજ્યોમાં ૨૨૫૦ ગામો અને નગરમાં લોક ભાગીદારી સાથે કાર્યરત રહી રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપે છે. કચ્છમાં પણ અદાણી સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર થકી અનેક લોકો આજીવિકા રળવા પગભર થઈ શક્યા છે. આમ આ સંસ્થા દ્વારા આત્મનિર્ભરતાના પ્રયાસો થઈ રહ્યાં છે.

● ભુજના ઉપલી પાળ રોડ સ્થિત ફોટો કલબ આર્ટ ગેલેરી ધરાવતા મુકેશ ગોસ્વામી નવરાત્રિ દિવસોમાં માતાના મઢ મંદિરની ૩ ડી મોડલ પ્રતિકૃતિ તૈયાર કરી હતી. આ પ્રતિકૃતિ બનાવવા તેને ૧૫ દિવસનો સમય લાગ્યો હતો. આ પ્રતિકૃતિમાં નિજ મંદિરમાં માતાજીની તસવીર અને એલઈડી લાઈટ લગાવાઈ છે. આ ઉપરાંત આ કલાકારે સોમનાથ અને અયોધ્યાના રામ મંદિરનું મોડેલ બનાવવાની ઈચ્છા ધરાવે છે. જેથી તેનું નિર્માણ પણ ટૂંક સમયમાં શરૂ કરશે.

● અમિતાભ બચ્ચન સંચાલિત લોકપ્રિય શો 'કૌન બનેગા કરોડપતિ'માં પૂછાયેલા સવાલના વિકલ્પ અને તેને સાચો ઠરાવવાની ભૂલ ગાંધીધામના જાણીતા બાલરોગ નિષ્ણાત ડૉ.રાજેશ મહેશ્વરીએ પકડી હતી આ અગાઉ ડૉ.મહેશ્વરીએ અગાઉ પણ આ શોમાં ત્રણ વખત ભૂલ પકડી છે. હોટસીટ પર બેઠેલા એક સ્પર્ધકને એવો સવાલ કરાયો કે કઈ નદી રાજસ્થાનથી નીકળી ને કચ્છના રણમાં લુપ્ત થાય છે. જેના વિકલ્પમાં એ-લુણી, બી-સાબરમતી, સી-મહી અને ડીમાં બનાસ દર્શાવાતા. સ્પર્ધકે એ-લુણીને ખરું બતાવ્યું હતું. તેને સહી જવાબ લેખાવીને ઈનામના હકદાર ગણાવ્યો હતો. આ અંગે ડૉ.મહેશ્વરીએ કહ્યું હતું કે જે રીતે લુણી સાચો જવાબ છે. તેમ બીજો વિકલ્પ બનાસ પણ સાચો હતો. હકીકતમાં બનાસ કે લુણી માંથી એકનો જ ઉલ્લેખ વિકલ્પમાં હોવો જોઈ તો હતો.

● પોતાના સમાજ માટે તો સૌ કરે પણ જેને પેઢીઓથી સ્થાયી શિક્ષણ નસીબ નથી થયું તેવા રબારી સમાજની કન્યાઓના ભવિષ્ય માટે મૂળ ફોટડી કચ્છના હસમુખભાઈ કાનજી ભુડિયાએ સીતેર લાખ રૂપિયાના ખર્ચે કન્યા છાત્રાલય બનાવી આપ્યું છે. જેમાં અન્ય દાતાઓ પણ જોડાય છે. ભુજોડીમાં માલધારી મંગલમંદિર રબારી કન્યા કુમારની આશ્રમશાળા સ્વ. પુંજલભાઈ રબારીએ વર્ષ ૧૯૯૭માં શરૂ કરી હતી. જેમાં હાલ ૨૦૦ કન્યા કુમારો અભ્યાસ કરે છે. ૧૩૦ કન્યાઓને આધુનિક સુવિધા મળે એવી વ્યવસ્થા કન્યા છાત્રાલયમાં કરાઈ છે.

● ખાનગી વિમાની કંપની સ્પાઈસ જેટ દ્વારા કંડલાથી દિલ્હી વચ્ચે વિમાની સેવા શરૂ કરાઈ છે. આરંભની સફરમાં દિલ્હી કંડલા પ્રથમ ફ્લાઈટ કંડલા એરપોર્ટ પર લેન્ડ થઈ ત્યારે પ્રથમ ઉડાનમાં દિલ્હીથી ૮૧ પ્રવાસીઓનું આગમન થયું હતું અને કંડલાથી દિલ્હી માટે પ્રથમ ફ્લાઈટ ટેક ઓફ કરી તેમાં ૭૧ પ્રવાસીઓ દિલ્હી ગયા હતા. આગમન કરનારા અને જનારા સર્વે પ્રવાસીઓને પુષ્પ ગુચ્છ આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ નાનકડા સમારોહમાં સાંસદ વિનોદ ચાવડા, એરપોર્ટ ડાયરેક્ટર સંજીવ મેંગલ, સ્ટેશન મેનેજર ગીતા ગાજરે અને એરપોર્ટ સલાહકાર સમિતિના સભ્યોની ઉપસ્થિતિ રહી હતી.

# ૩૧ ડિસેમ્બરની સાંજ, પ્રભુભક્તિને નામ : ચાલો ટિટવાલા નગરેનો નાદ જગાવો

ગચ્છનાયક ગુરૂદેવશ્રીનો ૬૮મો જન્મદિવસના ઉપલક્ષમાં વરસના અંતિમ દિવસ એટલે તા.૩૧ ડિસેમ્બર ગુરૂવાર સાંજે ૭ થી ૧૦ વાગ્યા સુધી ૧૧૦૦૦ નમોત્થુણ વંદનાનો અદ્‌ભૂત કાર્યક્રમ પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં ટિટવાલા નગરના ગુરુ નિવાસમાં રખાયેલ છે. ત્યાં જ સૃષ્ટિ રિસોર્ટમાં રાત્રિ મુકામ કરી નવા વરસની પ્રભાતે એટલે કે તા.૧ જાન્યુઆરી ૨૦૨૧ શુક્રવાર સવારે ૬ થી રાત્રે ૮ કલાકે શ્રી ગુરુદેવશ્રીના મુખથી મહાચમત્કારી, મહામાંગલિક શ્રવણ કરવાનો અલભ્ય અને અલૌકિક લાભ મળશે. આ ધર્મ આરાધનાનો કાર્યક્રમ ફક્ત ને ફક્ત પુરૂષ શ્રાવક ભાઈઓ માટે છે જેમાં માત્ર ૧૦૮ જણને પ્રવેશ મળશે. વહેલો તે પહેલોના ધોરણે માટે આજે આ કાર્યક્રમમાં સહભાગ લેવા મિત્રો સાથે તમારું પોતાનું નામ વહેલી તકે લખાવી લેવું. બુકીંગ માટે મો.નં.૮૮૭૯૯૮૯૭૮૭ ઉપર સંપર્ક કરવું.

કાર્યક્રમ સ્થળ શ્રી ગુરૂ નિવાસ, મ્હસકલ રોડ, મહસકલ ફાટા, ગોવેલી રોડ, ટિટવાલા (પૂર્વ). વંદે સર્વોદયમ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



બાંયાબાઈ કે. લોડાયા
તા.૨૦ ડિસે. (ઉ.૯૦)
સાંયરા-કોઈમ્બતુર



ચંપાબેન બી. ગોસર
તા.૨૦ ડિસે. (ઉ.૭૨)
બારોઈ-ચુનાભઠ્ઠી



જવેરચંદ આર. ભેદા
તા.૨૩ ડિસે.
વારાપધ્ધર-મુલુંડ



હેમંત એલ. છેડા
તા.૨૫ ડિસે.
સુથરી-વર્ધમાન નગર



મંજુલાબેન કે. ધરમશી
તા.૨૫ ડિસે. (ઉ.૭૬)
ભરૂડીયા-કોચીન

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**